ધી શીઆ ઇમામી ઈસ્માઈલી તરીકા એન્ડ રિલીજીયસ એજ્યુકેશન બોર્ડ ફોર ઇન્ડિયા

ગીનાન કસીદા મોડ્યુલ - ૫

૨૦૧૫

(ડ્રાફટ)

વિત્રણ માટે નહી

R.E-C.

ધી શીઆ ઇમામી ઈસ્માઈલી તરીકા એન્ડ રિલીજીયસ એજ્યુકેશન બોર્ડ ફોર ઇન્ડિયા

ગીનાન કસીદા મોડ્યુલ - ૫ (૨૦૧૫)

Index

Sr. No.	Ginans	Pg. No.
૧	એજી અંતકાળ વેળા વાપરીરે	૧
૨	એજી તિરથ વેંદડા	3
3	એજી સામી રાજો આવે જંગી ઢોલ વજાવે	૫
૪	એજી મોમન મન એમ જાણજોજી	૯
૫	સામી રાજા જંપુદીપે ઉમાયોજી	૧3
૬	જાગ જાગરે તું જાગ મોરા ભાઇરે	૧૫
૭	એજી ઊંચારે કોટ બહુ વેચના	૧૭
૮	એજી ભમર ગુફારે ઉપર દેખતાં	૧૯
૯	સુનો સુનો ભાઇવે મોમનો	૨૧
૧૦	એજી સચા મેરા ખાલક સિરજણહાર	૨૫
૧૧	કે તમે અમીરસ પીજો દિન ને રાત, કે	૨૭
૧૨	એજી આશ પુની હમ શાહ દર પાયા	૩૧
૧3	એજી ધન ધન રહેણી આજનો દિન	૩૫
૧૪	એજી સતગુર મિલીઆ મુને આજ	૩૯
૧૫	અબધૂ જુંગત જોલ સંતોષ પાત્ર કરો	૪૧
૧૬	હો જીરે મારા હંસા	૪3
૧૭	એજી તિલભાર તુલણા	૪૭
૧૮	એજી દરશન દીઓ મોરા નાથ (ચૂંટી કાઢેલ પંક્તિઓ)	૪૯
૧૯	સતવેણી નાની (ચૂંટી કાઢેલ પાઠ)	૫3
૨૦	કસીદા - અઈ દિલ ઝે હક્ક રસીદ	૫૫
૨૧	કસીદા - નવરૂઝે સઈદ આમદ, યા રબ્બ કે મુબારક બાદ	૫૭

ગિનાન બોલવાની કળા.

અસરકારક ગિનાન બોલવા માટે નીચે પ્રમાણે આપેલ મુદાઓ ધ્યાનમાં રાખવા જરૂરી છે.

૧. ગિનાન બોલતા પહેલા ગીનાન/કસીદાના અર્થો સમજી લેવા.

૨. ગિનાનની કડી બોલવા પહેલા ઊંડો શ્વાસ લેવો.

૩. ગિનાન ભાવપુર્વક બોલવું.

૪. મોઢું ખુલુ કરી ગિનાન બોલવું.

૫. ગિનાનના શબ્દોની સ્પષ્ટતા જરૂરી છે.

૬. ગિનાન દરેક શબ્દો શુધ્ધતાથી સંપૂર્ણ બોલવા, અધુરા શબ્દો બોલવા નહિ.

૭. દરેક કડીના છેલ્લા અક્ષરો બરાબર સંભળાવવા જોઈએ.

૮. ગિનાન બોલતા વચમાં અટકવુ પડે તો એવી રીતે અટકવું કે ગિનાનનો અર્થ ન બદલે.

૯. ગિનાન આરામદાયક રીતે જડબા પર દબાણ ન આવે તે રીતે બોલવું.

૧૦. ગિનાન બોલતી વખતે નાકમાંથી બોલવાનું ટાળવું.

૧૧. ગિનાન પેટથી ઉંડેથી અવાજ કાઢી બોલવું.

૧૨. ગિનાનની શરૂઆત અને ગિનાનના અંત સુધી એક સરખો ઢાળ રાખવો.

Marking

(↗)-high pitch.


(↙)-low pitch.

(∿∿)-harkat (હરકત) lehka (લેહ્કા)

(- - - - -) - meter (matra) to be put according to the raags of the words.

(⌣) -joining words and letters.

(◯) - circle the letter to be recited whole.

(eg : શાહ  - to be said whole)

(/ ,) - pause to take a breath.

(↩) - continuity of the next word.

(------)-letter of word to pronounce separately.

ગિનાન : ૧

પીર હસન કબીરદીન (રહ.)

એજી અંતકાળ વેળા વાપરીરે,
તમે ચેતો મોમન ભાઇજી. ...૧

એજી સતગુર સિરેવો તમે સતપંથ ધિયાવો,
ને કરી લીયોને કમાઇજી. ...૨

એજી શાહના દીદાર જેને ભેટિયારે,
તેનો ગઢ અમરાપૂરી વાસજી. ...૩

એજી અમરાપૂરીનો મારગ છે દોહેલો,
તમે કેમ ઉતરશો પએલે પારજી. ...૪

એજી મોરે થઇને લેશું આપણા પીરને,
અમે એમ ઉતરશું પએલે પારજી. ...૫

એજી બંદો તમારો સામી બહુ ગુનેહગાર છે,
તમે છો બક્ષણહારજી. ...૬

એજી પીર હસન કબીરદીન આવિયા,
સામી ઉધાડોને કમાડજી. ...૭

*

અનુવાદ : ૧

ઓ ભાઈ! અંતકાળ વેળા એટલે કે મોતનો સમય અતિશય વેદનાનો સમય છે. ઓ મોમન ભાઈ! તમે સાવધાન બની જાઓ. ...૧

ઓ ભાઈ! સતગુરની આજ્ઞાનું પાલન કરો અને સતપંથ (સાચા માર્ગ) નું અનુસરણ કરો. તેમજ સારાં અને નેક કાર્યો કરો. ...૨

ઓ ભાઈ! જેઓને શાહના દીદારની નવાજેશ પ્રાપ્ત થયેલ છે, તેમનું રહેઠાણ અમરાપુરીમાં એટલે કે અનંત ઘરમાં હશે. ...૩

ઓ ભાઈ! અનંતના રહેઠાણ તરફનો માર્ગ અતિ કઠિન છે. તમે સામે કિનારે કેવી રીતે પાર ઊતરી શકશો? ...૪

ઓ ભાઈ! અમે આગળ પ્રયાણ કરીશું તથા આપણા રૂહાની મુર્શીદની દામન પકડી લઈશું. અને આ રીતે અમે સામે કિનારે પાર ઊતરી જઈશું. ...૫

ઓ મૌલા! આ તમારો બંદો બહુ જ ગુનેહગાર છે. તમે ગુનાહને બક્ષી દેનાર કે માફી આપનાર છો. ...૬

પીર હસન કબીરદીન (રહ.) આવ્યા છે. ઓ મૌલા આપ દ્વાર ઉઘાડો. ...૭

ગિનાન : ૨

પીર શમ્સ (રહ.)

એજી તિરથ વેંદડા પીર શમસ ગાઝી સદડા,
તુસા નાવો નાવો નાવણા, વીરા નાવણા. ...૧

નાતે ધોતે સે જીયા જીને ગુરદા ફરમાયા કિયા,
ઓર નહીં નાવણા, નહીં નાવણા. ...૨

રાહો રાહ ચલો તુસા પીર પૂછી રાહ ચલો,
ઉજડ પગ નહીં પાવણા, ન પાવણા. ...૩

પીર શમસ અરવાહ પરબોધણા,
મન હઠી રૂહાને સમજાવણા, એ સમજાવણા. ...૪

એસા દર મેડે સાહેબ રાજેદા સેંદડા,
સુઇદે દફે વીચ હસતી માવણા, વીરા માવણા. ...૫

પીર શમસ ગાઝી બોલિયા,
ફલ સચે યારે મોમને પાવણા, વીરા પાવણા. ...૬

*

અનુવાદ : ૨

તીર્થયાત્રાએ જઈ રહેલ મુસાફરોના એક કાફલાને બોધપાઠ આપતા પીર શમ્સ (રહ.) ફરમાવે છે કે તમારું નાહવું કે સ્નાન કરવું એ સચ્ચાઈનું સ્નાન હોવું જોઈએ. ...૧

સાચું સ્નાન તે લોકોનું છે કે જેઓએ સાચા મુર્શીદનું અનુસરણ કર્યું છે. આના સિવાય અન્ય કોઈ (શ્રેષ્ઠ) સ્નાન નથી. ...૨

સત્ય રાહ કે સાચા માર્ગ ઉપર ચાલો અને સાચા મુર્શીદને પૂછીને જ માર્ગ અખત્યાર કરો. (અને) વેરાન કે ઉજ્જડ રસ્તા ઉપર નહિ ચાલો. ...૩

પીર શમ્સ (રહ.) રૂહોને આત્મબોધ એટલે કે હિદાયત આપે છે અને હઠીલા મનવાળા રૂહોને નસીહત કરીને સમજાવે છે. ...૪

મારા સાહેબનો દરબાર એવો છે કે જાણે સોયના નાકામાંથી હાથીનું પસાર થવું. ...૫

પીર શમ્સ (રહ.) ગાઝી ફરમાવે છે કે સાચો મોમિન સત્ય ફળ પ્રાપ્ત કરશે. ...૬

ગિનાન : 3

પીર સદરદીન (રહ.)

એજી સામી રાજો આવે જંગી ઢોલ વજાવે,
ચઉદિસે ચાંદરૂણા હુઆ,

રે હો પ્રાણિયા કાયમજીને આરાધો,
અલખ પુરખને મ વિસારો,
શાહ પુરખને રે સંભારો,
રે હો પ્રાણિયા કાયમજીને આરાધો. ...૧

એજી નમણી ને ખમણી વીરા હસી હસી મિલણા,
કામ ક્રોધ દોએ તજો, રે હો પ્રાણિયા... ...૨

એજી કાંય ધન સંચો વીરા સોના ને રૂપા,
માલ ધન હુઅડા એ બીરાના, રે હો પ્રણિયા... ...3

એજી કાચી તેરી કાયા પ્રાણી ગાંઠ ગંઠાણી,
અન્નસે બાંધી તેરી કાયા, રે હો પ્રાણિયા... ...૪

એજી કાયા નગરી માંહે એક ચોર ઢૂકે છે,
ઢૂકતા કેણે નવ દીઠા, રે હો પ્રાણિયા... ...૫

એજી પહેલા લીધા કોટ વીરા નવ દરવાજા,
પછી લીધો કાયા કેરો હંસ, રે હો પ્રાણિયા... ...૬

અનુવાદ : 3

ઓ ભાઈ! સામી રાજાનું આગમન થઈ રહ્યું છે અને ઢોલ નગારાં વાગી રહ્યાં છે. સર્વત્ર પ્રકાશ પથરાઈ રહ્યો છે.

ઓ ભાઈ! કાઈમની આજ્ઞાનું પાલન કરો. જે વર્ણન કે સમજથી પર છે તેવા માલિકને ભૂલી જતાં નહિ. માલિકને યાદ કરો. ઓ ભાઈ! કાઈમની આજ્ઞાનું પાલન કરો. ...૧

ઓ ભાઈ! નમ્રતા અને ક્ષમાવૃત્તિ સહિત એકબીજાની સાથે સ્મિતપૂર્વક મળતા રહો. વાસનાવૃત્તિ અને ગુસ્સો, બન્નેનો ત્યાગ કરો. ...૨

ઓ ભાઈ! સોનું અને ચાંદી તેમજ સંપત્તિનો શા માટે સંગ્રહ કરો છો? આ ધન-સંપત્તિ અને ખજાનાઓ બીજાઓની માલિકીના થઈ જશે. ...૩

ઓ ભાઈ! તારું શરીર કાચી માટીની ગાંઠોથી બંધાયેલ છે, તારું શરીર અનાજ કે ખોરાકની સાથે જોડાયેલ છે. ...૪

ઓ ભાઈ! શરીર રૂપી આ નગરમાં એક ચોર સંતાયેલી હાલતમાં ફરી રહ્યો છે. સંતાયેલ હાલતમાં ફરતાં ચોરને કોઈએ પણ જોયું નથી. ...૫

ઓ ભાઈ! સૌ પ્રથમ તેણે એ કિલ્લાના નવ દરવાજા ઉપર વિજય મેળવી લીધેલ છે. પછી તેણે શરીરના આત્માનો કબજો લઈ લીધો છે. ...૬

એજી લૂંટી તેરી નગરી વીરા હુઇરે ચોબારી,
ખેત્ર ખડસલા હુઆ, રે હો પ્રાણિયા... ...૭

એજી માટી રે મિટડી માંહે રિડી ભિડી જાયશે,
કલર ખાયશે તેરી દેહા, રે હો પ્રાણિયા... ...૮

એજી હાડકારે ઉપર વીરાભાઇ પવન જરેશે,
ઝાઝા વરસેગા મેઘ, રે હો પ્રાણિયા... ...૯

એજી એ ગિનાન મહારસ પીર ભણાવે સદરદીન,
એ ગિનાન અમીરસ મીઠા, રે હો પ્રાણિયા... ...૧૦

*

ઓ ભાઈ! આ (શરીર રૂપી) તારું નગર લૂંટી લેવામાં આવેલ છે અને તેનો વિનાશ કરી દેવામાં આવ્યો છે. (તારાં) ખેતરો નાશ પામ્યાં છે. ...૭

ઓ ભાઈ! માટી માટીની સાથે ભળી જશે અને ઉજ્જડ જમીન તારા શરીરને ભરખી જશે. ...૮

ઓ ભાઈ! હાડકાં ઉપર પવન ફૂંકાશે અને ભારે વરસાદ વરસશે. ...૯

ઓ ભાઈ! આ હિકમતથી ભરેલું ગિનાન પીર સદરદીન (રહ.) એ ફરમાવેલ છે. આ ગિનાન અમીરસથી ભરેલું મધુર અને મીઠું છે. ...૧૦

ગિનાન : ૪

પીર હસન કબીરદીન (રહ.)

એજી મોમન મન એમ જાણજોજી,
તમે કાયાનું મ કરશો અભિમાનરે. ...૧

ભીતર બહોત અંધારડા છે,
તમે છોડી દેજો અભિમાનરે. ...૨

ઢોંગા તો એણે એણે હારે વસે,
તે તો લૂંટે સાહેબજીનું ધ્યાનરે. ...૩

ગુરના વોળાવા તમે દિલમાં ધરો,
તો બચશો ચારેઇ ખાણરે. ...૪

ઇલમ જોઇ જોઇ ચાલજોજી,
તમે રાખો ધણી સાથે ધ્યાનરે. ...૫

સામી રાજો પરતક નૂર છે જી,
જેમ પાછમે ઊગ્યો ભાણરે. ...૬

સાચા સાહેબજીને સિરેવજોજી,
તો પામશો અમરાપૂરી ઠામરે. ...૭

અનુવાદ : ૪

ઓ મોમન ભાઈ! તમારા મનમાં કે હૃદયમાં એ બાબતની સાવચેતી રાખો કે તમારે તમારા શરીરનું અભિમાન કરવું જોઈએ નહિ. ...૧

અંદર ઘણો અંધકાર વ્યાપેલ છે, તમારે અભિમાનનો ત્યાગ કરવો જોઈએ. ...૨

છેતરી જનાર ઢોંગીઓ સતત તેની સાથે રહે છે, જેઓ મૌલા સાથેના તમારા ધ્યાન કે વિચારને લૂંટી લે છે (તેમાં વિક્ષેપ પાડે છે). ...3

જો તમે રૂહાની મુર્શીદના ઉપદેશને તમારા હૃદયમાં રાખશો તો તમે સર્જનના ચાર તબક્કાઓમાંથી બચી જશો. ...૪

જ્ઞાનના પ્રકાશમાં આગળ ચાલો (જ્ઞાન પ્રમાણે જીવન જીવો), અને તમારું ધ્યાન મૌલા સાથે જોડાયેલું રાખો. ...૫

મારો સામી રાજો પ્રગટ નૂર છે, જાણે કે પશ્ચિમમાંથી સૂર્ય ઊગ્યો છે. ...૬

જો તમે સાચા મૌલાની આજ્ઞાનું પાલન કરશો તો તમે અમરાપુરી કે અનંતનું રહેઠાણ પ્રાપ્ત કરશો. ...૭

અમરાપૂરીનો મારગ વેગળો છે,
તમે ચેતી ચાલો ગુરનું ગિનાનરે. ...૮

દશોંદ સાહેબજીને આલજોજી,
પછી જમજો તે ચોખો ધાનરે. ...૯

સામી રાજો લેખા માંગશેજી,
તમે નિશટે જાણો નિરધારરે. ...૧૦

પીર હસનશાહ એમ બોલિયાજી,
મોમન ભૂલશો તો થાશે હાણરે. ...૧૧

*

અનંતના રહેઠાણ તરફનો માર્ગ ઘણો લાંબો છે, તમે રૂહાની મુર્શીદની સલાહ પ્રમાણે (તે ઉપર) સાવચેતીથી ચાલો. ...૮

મૌલાને દસોંદ અર્પણ કરો અને પછી પાક પવિત્ર (થયેલ) ખોરાક ખાઓ. ...૯

સામી રાજો (આમાલનો) હિસાબ પૂછશે, આ બાબતને તમે નિશ્ચિત કે ચોક્કસ જાણજો. ...૧૦

પીર હસનશાહ (રહ.) એ આમ ફરમાવ્યું છે. ઓ મોમિનો! જો તમે ભૂલી જશો તો તમને નુકસાન ઉઠાવવું પડશે. ...૧૧

ગિનાન : ૫

પીર સદરદીન (રહ.)

સામી રાજા જંપુદીપે ઉમાયોજી,
વેલા તે કરજો મૌલા આવણા. ...૧

સામી રાજા દીઅડીએ અમે રહી ન સગીએ,
તુજ વીના બંદો કેસવા. ...૨

સામી રાજા જીવડો તમારે હાથ છે,
અવર જીવ ન લોણીએ. ...૩

સામી રાજા જીવના ફેરા ટાળજો,
મોમનના જીવ સુધારીએ. ...૪

સામી રાજા હાથીડું દઇને ઉગારજો,
કલજુગ મહા વીસમું દાઢો દોયલો. ...૫

સામી રાજા આદમ, નૂહા, ઇબ્રાહીમ,
નૂરે મૂસા ઓ ઇસા તુંહી તું. ...૬

સામી રાજા નુરે મુહમ્મદ તે નૂર અલી મુરતઝા,
ચડિયા તે શ્રી ઇસ્લામશાહજી. ...૭

સામી રાજા ગજા તે તંબલ વજડાવણાજી,
પીર સદરદીન સચે શાહખે ઉમાવણાજી. ...૮

*

અનુવાદ : ૫

ઓ મૌલા! ભારત પાક ઉપખંડના મોમિનો આપના (દીદાર પ્રાપ્તિની) આશા સેવી રહ્યા છે. ઓ મૌલા! આપ જલદીથી પધરામણી ફરમાવો. ...૧

ઓ મૌલા! પ્રત્યેક દિવસ પસાર થવાની સાથે અમે આપના વગર રહી શકતા નથી. આપનો બંદો આપના વિના કેવી રીતે રહી શકે? ૨

ઓ મૌલા! મારો જીવ કે આત્મા આપના હાથમાં છે. હવે તે બીજા કોઈની આશ નથી કરતો. ...3

ઓ મૌલા! આત્માની મુસીબતોને દૂર કરજો અને (આખરતની દુનિયામાં) મોમિનોના આત્માને ઉગારી લેજો. ...૪

ઓ મૌલા! આપની દામન અર્પણ કરીને અમને ઉગારી લેજો. આ યુગ કે સમય અતિ વિકટ અને મુસીબતોથી ભરેલો છે. ...૫

ઓ મૌલા! આપ હઝરત આદમ (અ.સ.), હઝરત નૂહ (અ.સ.), હઝરત ઇબ્રાહીમ (અ.સ.), હઝરત મૂસા (અ.સ.) અને હઝરત ઈસા (અ.સ.)ના નૂર છો. ...૬

ઓ મૌલા! હઝરત મુહમ્મદ (સ.અ.સ.) નું નૂર એ જ હઝરત અલી (અ.સ.) નું નૂર છે. અને એ જ મસ્નદ ઉપર હઝરત ઇમામ ઇસ્લામ શાહ (અ.સ.) પ્રગટ રૂપે બિરાજમાન છે. ...૭

ઓ મૌલા! હાથી ઉપર નગારાં વગાડતા ઘોષણા કરનારની જેમ પીર સદરદીન (રહ.) સાચા મૌલાના આગમનની ઘોષણા કરી રહ્યા છે. ...૮

ગિનાન : ૬

સૈયદ ઇમામશાહ (રહ.)

જાગ જાગરે તું જાગ મોરા ભાઇરે,
નૂર ઝહુરાકી ઘડિયાં આઇરે.
તું જાગ જાગરે મોરા ભાઇરે. ...૧

ચાર પહોર રહેણી ખોઇ પરભા નૂરકી આઇરે,
તુજ કારણ હુરાં સુહાગણ આઇરે, તું જાગ... ...૨

ખટ ઘડી રાત રહી ચેતો મોરા ભાઇરે,
નૂરના પ્યાલા હુરાં છાંટતી આઇરે, તું જાગ... ...૩

શૂરા હોય તો રહેણી જાગો ગાફલ સૂતા મોરા ભાઇરે,
આળસ નિંદ્રા તુને હુરાંસુ ગમાઇરે, તું જાગ... ...૪

એમ કહે છે સૈયદ ઇમામશાહ તમે સુણો મોરા ભાઇરે,
ગઢ અમરાપૂરીમાં હુઇ છે વધાઇરે, તું જાગ... ...૫

*

અનુવાદ : ૬

ઓ મારા ભાઈ! જાગૃત થઈ જા, નૂરની ઝહુરાત થવાનો સમય આવી ગયો છે. ઓ મારા ભાઈ ! જાગૃત થઈ જા. ...૧

રાત્રિના ચાર પહોર (એટલે કે ૧૨ કલાક)નો સમય વીતી ચૂક્યો છે અને હવે નૂરના પરોઢનો સમય આવી ગયો છે. તારા માટે આશીર્વાદિત થયેલ હુરાઓ આવેલ છે. ઓ મારા ભાઈ! જાગૃત થઈ જા. ...૨

ઓ મારા ભાઈ! રાત્રિની છ ઘડી (૨ કલાક અને ૪૦ મિનિટ)નો સમય બાકી રહ્યો છે. હવે તારી જાતને સાવચેત બનાવી દે. હુરાઓ નૂરના પ્યાલાઓમાંથી અમીના છાંટા છાંટતી આવી રહી છે. ઓ મારા ભાઈ! જાગૃત થઈ જા. ...3

ઓ મારા ભાઈ! અગર તમે શૂરવીર કે હિંમતવાન હો તો રાત્રિના સમયે જાગૃત થાઓ, કારણ કે ગાફલ લોકો (ત્યારે) સૂતા રહે છે. આળસ અને ગફલતની નિદ્રાએ તમને હુરાઓથી વંચિત રાખેલ છે. ઓ મારા ભાઈ! જાગૃત થઈ જા. ...૪

ઓ ભાઈ! સાંભળો, સૈયદ ઇમામશાહ (રહ.) ફરમાવે છે: આવા મોમિનોને અમરાપુરી કે અનંત રહેઠાણના કિલ્લામાં ઉષ્માભર્યો આવકાર આપવામાં આવે છે. ઓ મારા ભાઈ! જાગૃત થઈ જા. ...૫

ગિનાન : ૭

પીર હસન કબીરદીન (રહ.)

એજી ઊંચારે કોટ બહુ વેચના, નીચે વહે દરિઆવ,
હુંરે દરિયાવંદી માછલી, સાઇંયા તારણ આવ,

હુંરે દરશન બિના બાવરી, બાલમ ઘરે આવ, સાજન ઘરે આવ,
બંદો ભૂલ્યો તારી બંદગી, સાઇંયા સુરત બતાવ, હુંરે... ...૧

એજી અગર ચંદનની કોટડી, સુફલ રચિયા કમાડ,
તાળાં દીધા છે પ્રેમના, સાઇંયા ખોલણ આવ, હુંરે... ...૨

એજી પીંજર પડ્યો પરિવારનો, કોઇક બૂજત જન,
મેરે તનકી વેદના, સાઇંયા તપત બૂજાવ, હુંરે... ...૩

એજી ઇતના કોપ ન કીજીયે, સાઇંયા દીજે દીદાર,
પીર હસનશાહની વિનતી, સાઇંયા તારણ આવ, હુંરે... ...૪

*

અનુવાદ : ૭

ઓ મૌલા! આપનું સ્થાન એક ઊંચા અને બુલંદ કિલ્લામાં રહેલું છે, જેની નીચે એક નદી વહે છે અને હું તે નદી (દુનિયા)માંની એક માછલી સમાન છું. ઓ પ્રિયતમ! આપ આવીને મને ઉગારી લો. હું આપના દીદાર વિના બેચેન બની ગઈ છું.

ઓ વ્હાલમ! મારા ઘરે (હૃદયમાં) આવો, ઓ સાજન! મારા ઘરે (હૃદયમાં) આવો. આ બંદો આપની ઇબાદત ભૂલી ગયેલ છે. ઓ પ્રિયતમ! આપ આવો અને મને આપના દીદારની નવાજેશ કરો. હું આપના દીદાર વિના બેચેન બની ગઈ છું. ...૧

ઓ મૌલા! મારું હૃદય એક એવા ઓરડા સમાન છે, જે અગર અને ચંદનના સુંગધિત લાકડાઓથી બનેલ છે અને તેનો દ્વાર સારાં ફળોથી એટલે નેકીનાં સદકૃત્યોથી બનેલ છે. તેના ઉપર પ્રેમનું તાળું લાગેલું છે. ઓ પ્રિયતમ! તેને ઉઘાડવા માટે આપ આવો. હું આપના દીદાર વિના બેચેન બની ગઈ છું. ...૨

ઓ મૌલા! આ દુન્યવી કુટુંબ પરિવારે મને પિંજરામાં કેદ કરી દીધેલ છે, પરંતુ આ બાબત ભાગ્યે જ કોઈને સમજાય છે. ઓ પ્રિયતમ! આપ મારા શરીરની આ દર્દભરી આગને બુજાવો. હું આપના દીદાર વિના બેચેન બની ગઈ છું. ...3

ઓ મૌલા! આપ એટલા ક્રોધિત નહિ બનો. ઓ પ્રિયતમ! મને આપના દીદારની નવાજેશ કરો. પીર હસનશાહ (રહ.) આપને વિનંતી કરે છે: ઓ પ્રિયતમ! આપ આવીને મને ઉગારી લો. હું આપના દીદાર વિના બેચેન બની ગઈ છું. ...૪

ગિનાન : ૮

સૈયદ મુહમ્મદશાહ (રહ.)

એજી ભમર ગુફારે ઉપર દેખતાં,
ભાઇ કહો કેસા ગુન હોય,
જગ મગ જોત જલહલે,
અને વસત નૂરાની સોય. ...૧

એજી ધીરો ધીરોરે ભાઇ મોમનો,
અને ધીરે તે સબ કુછ હોય,
માલીરે સીંચે સો ગણા,
ભાઇ ઋતુ બિના ફલ ન હોય. ...૨

એજી શરીઅત હક કરી જાણીએ,
તો તુરત તરીકત પાય,
હકીકત દિલ માંહે નકશીએ,
તો મારફતે મિલી જાય. ...૩

એજી સૈયદ મહમદશાહ આખે વેનતી,
તમે સાંભળો રબ સતાર,
હી બંદો ગુનેહગાર હય,
સાઇંયા બક્ષીએ બક્ષણહાર. ...૪

*

અનુવાદ : ૮

ઓ ભાઈ! આંખોની ભ્રમર વચ્ચેની ગુફામાં જોતી વખતે કયો ગુણ જોઈ શકાય છે? તે ઝગમગાટ કરતી જ્યોતથી ઝળહળે છે અને તે પ્રકાશિત કે નૂરાની પદાર્થ છે. ...૧

ઓ મોમિનો! ધીરજ રાખો, ધીરજ ધરો, કારણ કે ધીરજ થકી સર્વ કંઈ શક્ય છે. બગીચાનો માળી ઝાડપાન કે છોડવાઓને કેટલું પણ પાણી સિંચન કરે, પરંતુ ઓ ભાઈ! ઋતુ વિના ફળો ઊગી શકતાં નથી. ...૨

ઓ ભાઈ! શરીઅતને સત્ય કરી જાણો તો તમે તરીકતને તરત જ શોધી શકશો. હકીકતને હૃદયમાં અંકિત કરો તો તમે મારિફતની સાથે એક બની જશો. ...૩

સૈયદ મુહમ્મદ શાહ (રહ.) આ વિનંતી ઉચ્ચારે છે: ઓ મારા પરવરદિગાર અને મારા દોષોને ઢાંકી દેનાર! આ બંદો ગુનેહગાર છે, ઓ મારા મૌલા, માફી આપનાર! આપ મને માફી બક્ષો. ...૪

ગિનાન : ૯

પીર શમ્સ (રહ.)

સુનો સુનો ભાઇવે મોમનો, એસા કલજુગ,
એસા કલજુગ આયા. ...૧

બયઠ રહ્યા હમ બહોત દિન, અબ છેલ્લા,
અબ છેલ્લા સો પાયા. ...૨

ચેતી સગો તમે ચેતજો, મારા મોમન,
મારા મોમન ભાઇ. ...૩

ધરમ નિયમસું નિત રહો, કરીયો ખૂબ,
કરીયો ખૂબ કમાઇ. ...૪

પહોરા આયા અલીશાહકા, દિન કેતે,
દિન કે તેક માંહી. ...૫

સામી રાજો લેખા માંગશે, જીવ રાખો,
જીવ રાખો ઠેરાઇ. ...૬

પીર બીના ભાઇ બહેસ્ત નહીં, એમ સાચું,
એમ સાચું કરી જાણો. ...૭

પીર આખે સુણો મોમનો, એબી મનમાં,
એબી મનમાંહે આણો. ...૮

અનુવાદ : ૯

ઓ મોમિનો ! સાંભળો, કેવો કલયુગ આવ્યો છે. ...૧

અમે ઘણા સમય સુધી આળસમાં બેઠા રહ્યા, હવે આ છેલ્લો સમય આવી ચૂક્યો છે. ...૨

ઓ મારા મોમિન ભાઈઓ! તમે જો સાવચેત બની શકો તો સાવચેત બની જાઓ. ...૩

ધર્મની ફરજોની અદાયગીમાં નિયમિત રહો અને તમારાથી થઈ શકે તેટલી સારી કમાઈ કરો. ...૪

હવે હઝરત અલી (અ.સ.) ની ઝહૂરાતમાં માત્ર થોડા દિવસો રહી ગયા છે. ...૫

સામી રાજો હિસાબ કિતાબ પૂછશે. તમારા આત્માને (તે માટે) તૈયાર રાખો. ...૬

રૂહાની મુર્શીદ વિના બહેસ્ત હાંસલ કરવી શક્ય નથી. આ બાબતમાં વિશ્વાસ રાખો. ...૭

પીર ફરમાવે છે ઓ મોમિનો! સાંભળો. આ બાબતને પણ ધ્યાનમાં રાખો. ...૮

જાપ જપો વીરા નિશદિન, ખાલક શબ્દ,
ખાલક શબ્દ પીછાણો. ...૯

સબ જુગ બેઠા સુંદર ધરતીયે, મિલી કરજો,
મિલી કરજો વિચાર. ...૧૦

નાવ ભલી અલીશાહકી, જાં મે ઠોર,
જાં મે ઠોર અપાર. ...૧૧

જે કોઇ ચડે ઇસ નાવમેં, સોબી હયરે,
સોબી હયરે હમારા. ...૧૨

દરશન પાયા અલીશાહકા, મન રલીયા,
મન રલીયા કરી જાણો. ...૧૩

સતપંથી મોમન તે કહીયે, જાણે ધરમ,
જાણે ધરમ આચાર. ...૧૪

જીસકે હઇડે માંહે ધરમ નહીં, સોબી હયરે,
સોબી હયરે ધૂતારા. ...૧૫

સાચી ખબર પીર શમસ કહે, એમ સાચું,
એમ સાચું કરી જાણો. ...૧૬

*

ઓ ભાઈ! અલ્લાહને દિવસ અને રાત યાદ કરો અને ખાલક કે સર્જનહારના અર્થની સમજણ પ્રાપ્ત કરો. ...૯

સમગ્ર દુનિયા આ સુંદર ધરતી ઉપર બેઠી છે. સાથે મળીને બેસો અને આ બાબત ઉપર વિચાર કરો. ...૧૦

હઝરત અલી (અ.સ.)ની નાવ કે કશ્તી એ શ્રેષ્ઠ કશ્તી છે, જે ઘણી જ અડગ અને સ્થિર છે. ...૧૧

જે કોઈ પણ આ કશ્તીમાં સવાર થાય છે તેઓ અમારા છે. ૧૨

જ્યારે તમે હ. અલી (અ.સ.)ના દીદાર પ્રાપ્ત કરશો ત્યારે તમારા હૃદયમાં તમે ખુશી પ્રાપ્ત કરશો. ...૧૩

જે કોઈ ધર્મનું યોગ્ય પાલન કેવી રીતે કરવું તે જાણે છે, તે સાચો મોમિન કે સાચા માર્ગનું અનુસરણ કરનાર છે. ...૧૪

તે કે જેના હૃદયમાં ધર્મ નથી, તે ધુતારો કે ઠગ છે. ...૧૫

પીર શમ્સ (રહ.) તમને સાચી માહિતી આપે છે, તેને સાચી કરી જાણો. ...૧૬

ગિનાન : ૧૦

પીર શમ્સ (રહ.)

એજી સચા મેરા ખાલક સિરજણહાર,
આપે ઉપાયા શાહ ધધુંકાર. ...૧

એજી નબી મુહમ્મદ ખુદાકા પ્યારા,
નબી મુહમ્મદકુ આયા પુકારા. ...૨

એજી એન પુકારેકું ઇયું ફરમાયા,
ચીન માટીદા ભૂત સધાયા. ...૩

એજી ભૂત સધાઇ તિસ રૂહ સધાયા,
વણ વણ રૂહ ઇસ અંધાર કોઠી. ...૪

એજી વહેરે બાના એ તાક તમારા,
સચા મેરા ખાલક માન હમારા. ...૫

એજી સચા મેરા ખાલક બહેસ્તકી જોલી,
ગિનાન મહારસ પીર શમસકી બોલી. ...૬

*

અનુવાદ : ૧૦

ઓ ભાઈ! મારો સર્જનહાર કે જે આ બ્રહ્માંડનો સર્જનહાર છે તે સાચો છે.
તેણે શૂન્યમાંથી સર્જન કર્યું છે. ...૧

ઓ ભાઈ! હઝરત નબી મુહમ્મદ (સ.અ.સ.) અલ્લાહના પ્રિય કે પ્યારા છે.
હઝરત નબી મુહમ્મદ (સ.અ.સ.) પાસે એક ફિરસ્તો આવેલ છે. ...૨

ઓ ભાઈ! તે ફિરસ્તાને ચીકણી માટીમાંથી હઝરત આદમ (અ.સ.) નું પૂતળું
બનાવવા માટે હુકમ આપવામાં આવ્યો. ...૩

ઓ ભાઈ! તેમનું (હ. આદમનું) પૂતળું બનાવીને તેમનો રૂહ સર્જવામાં આવ્યો
અને તેને (એમ કહેવામાં આવ્યું), ઓ રૂહ! આ અંધકારભરી કોટડીમાં પ્રવેશ કર. ...૪

ઓ ભાઈ! આ તારું રહેઠાણ છે અને મારા સર્જનહારનો સત્યપૂર્વક સ્વીકાર કર. ...૫

ઓ ભાઈ! મારો સર્જનહાર સાચો છે. પીર શમ્સ (રહ.)એ આ ગિનાન ફરમાવેલ
છે કે જે હિકમતથી ભરેલું ગિનાન છે. આ બહેશ્ત કે જન્નતની જોલી કે થેલો છે. ...૬

ગિનાન : ૧૧

પીર શમ્સ (રહ.)

(ગરબી)

કે તમે અમીરસ પીજો દિન ને રાત, કે નૂર નૂરાનિયારે લોલ. ...૧

તો પાપ પ્રાછત સરવે જાય, કે ચિતના ચોખલારે લોલ. ...૨

એ તો આગમવાણી સુણજો જોઇ, કે મન માંહે માનજોરે લોલ. ...૩

તમે ગિનાન વિચારી ચાલો વીર, કે નહીંકા નોખલારે લોલ. ...૪

જેણે ગિનાન નહીં સુણીયા કાન, કે તે ભૂલા પડ્યારે લોલ. ...૫

તમે માનખો જનમ કાં ખોવો હાથ, કે ફરી નહીં આવશેરે લોલ. ...૬

તમે ધિયાવો ધરમ આચાર, કે અધર્મી ભૂલીયારે લોલ. ...૭

એ તો કરતવ આછા કીજે સાર, કે તો વઇકુંઠ પામશોરે લોલ. ...૮

તમે સતની જાણો સુધી વાટ, કે અસતિ ઓતળિયારે લોલ. ...૯

અનુવાદ : ૧૧

તમે દિવસ અને રાત જીવન અર્પનાર અમૃત કે અમીરસનું પાન કરતા રહો, કે જે નૂરથી ભરેલ નૂરાની છે. ...૧

ત્યારપછી સર્વે ગુનાહો કે પાપ દૂર થશે અને હૃદય પવિત્ર થઈ જશે. ...૨

આ આગમવાણી કે ભવિષ્યવાણીને સાંભળો અને તેનો મન અને હૃદયપૂર્વક સ્વીકાર કરો. ...૩

ઓ ભાઈ! ગિનાન ઉપર ચિંતન કરો અને તે પ્રમાણે અમલ કરો, નહિ તો તમે અલગ પડી જશો. ...૪

જેઓ ગિનાન પોતાને કાને નથી ધરતા એટલે કે ગિનાન નથી સાંભળતા, તેઓ ગેરમાર્ગે દોરવાઈ જાય છે. ...૫

તમે તમારું માનવ જીવન શા માટે વેડફી નાખો છો? તે ફરી પાછું મળશે નહિ. ...૬

તમે ધાર્મિક આચરણ કે કાર્યો કરો, કારણ કે ધર્મ વિનાના લોકો કે અધર્મીઓ ગેરમાર્ગે દોરવાઈ ગયા છે. ...૭

નેકીનાં પવિત્ર કાર્યો કરતા રહો, કે જેથી તમે અનંતનું રહેઠાણ પ્રાપ્ત કરી શકશો. ...૮

તમે સત્યના સાચા માર્ગને જાણો, કારણ કે દુષ્ટ કે ખોટા લોકો ગેરમાર્ગે દોરવાઈ ગયા છે. ...૯

જેણે જાણીયા સરવે મરમ, તે ફલ પામીયારે લોલ. ...૧૦

તમે કાને સુણજો આવા ગિનાન, કે લાલ અમૂલિયારે લોલ. ...૧૧

કે તમે રખે ભૂલો વારો વાર, કે ચેતીને ચાલજોરે લોલ. ...૧૨

તમે રમજો સતને સંગાત, કે ચિત ચોખા કરીને લોલ. ...૧૩

તમે કૂડ કપટને કરજો દૂર, કે તો ફલ પામશોરે લોલ. ...૧૪

તમે આછી કિરીઆ કરજો સાર, કે રદીઆ માંહે ભાવ ધરીરે લોલ. ...૧૫

સત સંગત કરજો સાચી રીત, કે ધરમ સત રાખજોરે લોલ. ...૧૬

સહી સિરેવો તમે સતગુર નૂર, કે નર કાસમશાહને કરીરે લોલ. ...૧૭

એમ બોલીયા છે ગુર શમસ પીર, કે તો ફલ પામશોરે લોલ. ...૧૮

*

જે વ્યક્તિ અમારાં સર્વે રહસ્યોને જાણે છે, તેઓએ ફળ પ્રાપ્ત કરી લીધેલ છે. ...૧૦

આવા ગિનાનોને તમે કાને ધરો યાને કે કાન દઈ સાંભળો, કે જે અમૂલ્ય મોતીઓ સમાન છે. ...૧૧

તમે વારંવાર તેને ભૂલી જતાં નહિ, (અને) સાવચેતીપૂર્વક જીવન જીવો. ...૧૨

તમારા હૃદયને નિર્મળ અને પવિત્ર બનાવો અને સત્ય સાથે કે સચ્ચાઈપૂર્વક રમત રમો. ...૧૩

તમે જૂઠ અને કપટ દૂર કરો, કે જેથી તમે ફળ પ્રાપ્ત કરી શકશો. ...૧૪

તમારા હૃદયમાં ભક્તિભાવના અને આધીનતા ધારણ કરી પાક અને પવિત્ર કાર્યો કરો. ...૧૫

સચ્ચાઈથી નેક લોકોના સહવાસનો આનંદ માણો અને ધર્મની સત્યનિષ્ઠાને જાળવી રાખો. ...૧૬

રૂહાની મુર્શીદ કે જે નૂર છે, જે હઝરત કાસમ શાહ (અ.સ.) છે, તેમની આજ્ઞાનું પાલન કરો ...૧૭

સાચા ગુરૂ પીર શમ્સ (રહ.) ફરમાવે છે કે ત્યારપછી તમે ફળ કે નેકબદલો પ્રાપ્ત કરી શકશો. ...૧૮

ગિનાન : ૧૨

પીર હસન કબીરદીન (રહ.)

એજી આશ પુની હમ શાહ દર પાયા,
રયણ બીની મોરે શાહ જગાયા,
શાહ જગાયા શાહકા નામ જ લીઅણા,

ભી સાઇંયા હેત પાયે રંગ લાગો,
ભી સાઇંયા પીર પાયે રંગ લાગો,
ભી સાહેબ તોસેથી મન બાંધો, મોરો દિલ બાંધોજી. ...૧

એજી લગડીરે પ્રીત હમ નેહ ન છોડું,
ધર સીર કરવત અંગ ન મોડું,
જો જીવ જાવે શાહકા નામ ન છોડું, ભી સાઇંયા... ...૨

એજી મરણાં ભી મરણાં યારા સબ કોઇ જાણે,
ચિંત ન ચેતે ને આપ વખાણે,
વણરે ચેતે જનત હુરાં કીયાં થકી પાવે, ભી સાઇંયા... ...૩

એજી શાહજી હમારો અલી વર દાતા,
આન મિલો શાહ તું આપ વસીલો,
શાહજી દેખે શાહકું કોઇ કોઇ દેખે, ભી સાઇંયા... ...૪

અનુવાદ : ૧૨

ઓ ભાઈ! મારી ઉમેદ અને આશા પરિપૂર્ણ થઈ ગઈ કે મેં શાહનું ઘર પ્રાપ્ત કરી લીધું, અને મારા મૌલાએ મને વહેલી સવારે જાગૃત કરી દીધો, મારા મૌલાએ મને પોતાના નામનું સ્મરણ કરવા માટે જાગૃત કરી દીધો.

ઓ મૌલા! પ્રેમના લીધે મેં આ રંગ પ્રાપ્ત કરી લીધો છે,
મારા રૂહાની મુર્શીદ મેળવવાના કારણે મેં આ રંગ પ્રાપ્ત કરી લીધો છે.
ઓ મારા મૌલા! મારું હૃદય અને મન તારાથી જોડાઈ ગયું છે. ...૧

ઓ ભાઈ! મને પ્રીત લાગી ગઈ છે એટલે કે પ્રેમની પ્રાપ્તિ થઈ ગઈ છે,
જેને હું છોડીશ નહિ. ભલે પછી મારા શરીર ઉપર કરવત ચલાવવામાં આવે,
તો પણ હું જરા પણ ડગીશ નહિ. ભલે મારો જીવ ચાલ્યો જાય (હું મૃત્યુ પામું)
તો પણ હું શાહના નામને છોડીશ નહિ. ...૨

ઓ ભાઈ! દરેક વ્યક્તિ એ જાણે છે કે એક દિવસ માનવી મૃત્યુ પામશે, તો
પણ તે હૃદયમાં સાવચેત બનતો નથી, અને પોતાના વખાણ કરતો રહે છે.
સાવચેત બન્યા વગર બહેસ્ત અને હુરાઓની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે? ...૩

ઓ ભાઈ! અમારો મૌલા હઝરત અલી (અ.સ.) છે, કે જે વચનોને પરિપૂર્ણ
કરનાર છે. ઓ મૌલા! પધારો અને મને મળો, કારણ કે આપ મારા આધાર
છો. મૌલા બધાને જુએ છે, પણ મૌલાને ફક્ત થોડા લોકો જ જોઈ શકે છે. ...૪

એજી સાહેબ હમારો કીસીયે નવ જેહી,
વર દીનું શાહ દેહપદેહી,
આશ પુની હમને લાધા છે તેહી, ભી સાઇંયા... ...૫

એજી પીર સદરદીન યારા પડેરે કુરાના,
બાહર જાવે તાકું અંદર લાના,
શાહને સુજાણો આપણા પીરને પીછાણો, ભી સાઇંયા... ...૬

એજી આલ પીર શમસ ફરજંદ સદરદીન,
એ ફાલ બોલ્યા ગુર પીર હસન કબીરદીન,
ભી સાઇંયા... ...૭

*

ઓ ભાઈ! આપણા મૌલા જેવો કોઈ પણ નથી. આ મૌલાએ દરેક યુગમાં પોતાનું વચન આપેલ છે. આપણી ઉમેદ અને આશા પરિપૂર્ણ થઈ ગઈ કે આપણે આપણા શાહને પ્રાપ્ત કરી લીધા. ...૫

ઓ ભાઈ! પીર સદરદીન (રહ.) તમને પવિત્ર કુરાનનો બોધ આપે છે. તમારામાંથી જેઓ તમારા દીનથી વેગળા થઈ ગયા છે તેમને તેઓ દીનમાં પાછા લઈ આવે છે. ઇમામની શનાખત કરી લો અને પીરને પિછાણી લો. ...૬

ઓ ભાઈ! પીર શમ્સ (રહ.) ના વંશજ અને પીર સદરદીન (રહ.) ના ફરજંદ પીર હસન કબીરદીન (રહ.) એ આ ફાલ કે શુભ વચનો ફરમાવેલ છે. ...૭

ગિનાન : ૧૩

પીર સદરદીન (રહ.)

એજી ધન ધન રહેણી આજનો દિન રલીઆમણુ,
ધન સા બીજ, ચંદર થાવર વારીઆ,
રંગ રચાવજો ચંદર થાવર દિન ભલા,
હેતેસું રંગ રચાવજો, ઘટપાટ ધરમજ માંડ્યા,
સહેજે ઇમાન લાવજો. ...૧

એજી આજ મારે સતગુરૂએ પાટ માંડીને ઘટ થાપેઆ,
તબ લગ ધરમ ધરમ સોહામણાજી,
સતગુરૂએ ઘટપાટ થાપેઆ,
મારા પાપ ગયા જુગા જુગ તણાં,
એવી ગતગંગા પોહોપ પરમલ ધરમ વીઆપીઓ ચઇજુગે....૨

એજી સતનારે સાધુ તે ધરમના બેલીઆ,
સાહેબજીના સુરિજન તે મોરે મન વસી રહેઆજી,
સંસાર સાગર ધરમ લઇને ભેટજો અભિયાગત,
એવો ધરમ લઇને કિરીઆ ન પાલે,
તે નર પડીયા સરવે જૂઠીઆજી. ...૩

અનુવાદ : ૧૩

ઓ મારા ભાઈ! મુબારક હો, મુબારક હો, આજની રાત્રિ અને આજનો આનંદિત દિવસ (મુબારક હો). ચાંદરાત અને શુક્રવારના દિવસે આવતી બીજ માટે મુબારકીઓ હોજો. ખુશીઓ મનાવો કારણ કે ચાંદરાત અને શુક્રવાર બરકતવંત દિવસો છે. સ્નેહપૂર્વક ખુશીઓ મનાવો, ઘટપાટની ક્રિયા સ્થાપવામાં આવેલ છે, (તેમાં) નિખાલસપણે ઈમાન લાવો. ...૧

ઓ મારા ભાઈ! આજે આપણા સતગુરૂએ પાટ ગોઠવીને ઘટપાટની ક્રિયાની સ્થાપના કરી છે. તે સમયે ધર્મ અતિ સોહામણો કે સુંદર લાગે છે. સતગુરૂએ ઘટપાટની સ્થાપના કરેલ છે, જેના લીધે આપણા લાંબા સમય પૂર્વેના ગુનાહો કે પાપ દૂર થઈ ગયા છે. અને આમ, જમાત ફૂલોની ખુશ્બુ વડે અને ચાર યુગો દરમ્યાન વ્યાપેલા ધર્મ વડે સુંગધિત બની છે. ...૨

ઓ મારા ભાઈ! સત્યના સંતો કે જ્ઞાની પુરૂષો ધર્મના મિત્રો છે. મૌલાના સદગુણી મોમિનો અમારા હૃદયમાં વસવાટ કરી રહ્યા છે. ઓ મુસાફર! જીવનરૂપી આ સાગરમાં, ધર્મની અંદર અડગ અને અટલ રહો (અથવા જીવનરૂપી સાગરમાં ધર્મ ઉપર અમલ કરો) અને સર્વોચ્ચ અભિયાગત કે મહેમાનને પિછાણી લો. જે લોકો આવા (ઉત્તમ) ધર્મને અખત્યાર કર્યા પછી તેના ઉપર અમલ કરતા નથી, તેઓ જૂઠા કે ખોટા સાબિત થયા છે. ...3

એજી તે નર દુરિજન દુઃખીઆ કુડા ને જૂઠીઆ,
તે પાપી પરહરો પરહરો પાપીઆજી,
પરહરો પાપી પરહરો, પરલીઓ પાપી પરલીઓ,
એવો ધરમ લઇને જે ક્રિરીઆ ન પાલે,
તે નર પડિયા સરવે જૂઠીઆજી. ...૪

એજી આજ મારે સતગુરૂએ એમ જ બોલેઆ,
એવો સતપંથ ધરમ, ધરમ તમે પામેઆ,
એવો પાત્ર પામીને છેત્રે કાંય પડો,
એમ બોલેઆ પીર સદરદીન,
અમીરસ મુનીવરે ભરખીઆ,
ધન રહેણી ધન તેની રાતીઆજી. ...૫

*

ઓ મારા ભાઈ! તે લોકો દુષ્ટ, દુ:ખી, દગાબાજ અને ઢોંગી છે. આવા પાપી મનુષ્યોથી તમે દૂર રહો. દૂર રહો આવા પાપી મનુષ્યોથી, આવા પાપીઓથી દૂર રહો. ત્યાગ કરો, આવા પાપીઓનો ત્યાગ કરો. જે લોકો આવા (ઉત્તમ) ધર્મને અખત્યાર કર્યા પછી તેના ઉપર અમલ કરતા નથી, તેઓ જૂઠા કે ખોટા સાબિત થયા છે. ...૪

ઓ મારા ભાઈ! આજે મારા સાચા મુર્શીદે (સતગુરૂએ) એમ ફરમાવ્યું છે કે તમે સાચો ધર્મ પ્રાપ્ત કર્યો છે. પીર સદરદીન (રહ.) ફરમાવે છે કે આવા પાત્રને, આવા મૌલાને પ્રાપ્ત કર્યા પછી શા માટે તમે છેતરાઈ જાઓ છો? મોમિનો અમીરસની ન્યામત મેળવવામાં સહભાગી થયા છે. આવી રાત્રિ ધન્ય હોજો, આવો દિવસ ધન્ય હોજો. ...૫

ગિનાન : ૧૪

સૈયિદા ઇમામ બેગમ (રહ.)

એજી સતગુર મિલીઆ મુને આજ, આનંદ હું પામી.

એજી સતગુર મિલીઆ તારે દુ:ખજ ટળિયાજી,
સરવે સારીઆ દાસીના કાજ આનંદ હું પામી. ...૧

એજી કાજ દાસીના સરવે સારિયાજી,
દરશન દિયા મહારાજ આનંદ હું પામી. ...૨

એજી દરશન દેખ્યા મન સંતોખીયાજી,
મહાપદ પામી છું રાજ આનંદ હું પામી. ...૩

એજી મહાપદ કેરી ભાઇ વાત છે ન્યારીજી,
કોઇ ન જાણે એ કાજ આનંદ હું પામી. ...૪

એજી જો જાણે સો નર નવખંડ માણેજી,
ઘટો ઘટ દેખે મહારાજ આનંદ હું પામી. ...૫

એજી ઘટો ઘટ દેખે તારે એક કરી લેખેજી,
નર નકલંકીનું રાજ આનંદ હું પામી. ...૬

એજી કહેત ઇમામ બેગમ સુણો મોરા ભાઇજી,
અલી નબી છે સીરતાજ આનંદ હું પામી. ...૭

*

અનુવાદ : ૧૪

ઓ ભાઈ! આજે મને મારા સાચા મુર્શીદ, સતગુરૂની પ્રાપ્તીનું સદભાગ્ય મળ્યું છે અને તેના કારણે હું ખૂબ જ આનંદ પામી છું....

ઓ ભાઈ! જ્યારે મને મારા સાચા મુર્શીદ, સતગુરૂ પ્રાપ્ત થયા છે, ત્યારે મારા તમામ દુ:ખો દૂર થઈ ગયા છે. મારા મૌલાએ મારી સર્વે ઉમેદો પરિપૂર્ણ કરી દીધી છે. ...૧

ઓ ભાઈ! મારા મૌલાએ મારી સર્વે ઉમેદો પરિપૂર્ણ કરી દીધી છે અને રૂહાની રાજવીએ મને તેમના દીદારની નવાજેશ કરી છે. ...૨

ઓ ભાઈ! મેં જ્યારે તેમના દીદાર પ્રાપ્ત કર્યા, ત્યારે મારા હૃદયને અતિ સંતોષ થયો છે અને મેં મહાન દરજ્જાનું રાજ્ય પ્રાપ્ત કર્યું છે. ...૩

ઓ ભાઈ! એ મહાન પદ ઘણું જ અદભુત અને અસાધારણ છે. તેની હકીકત કોઈ જ જાણતું નથી. ...૪

ઓ ભાઈ! જે કોઈ તેની હકીકત જાણી લે છે તે જાણે કે સમગ્ર જગતને જીતી લે છે અને (પછી) તે પ્રત્યેક હૃદયમાં એ સાચા મહાન રાજવીને નિહાળે છે. ...૫

ઓ ભાઈ! જ્યારે તે પ્રત્યેક હૃદયમાં તેને નિહાળે છે ત્યારે (સર્વ હૃદયમાં) તે હઝરત મૌલાના અલી (અ.સ.) ના રાજને એક સ્વરૂપે જ જુએ છે (તેને એક કરીને જ માને છે). ...૬

સૈયદા ઇમામ બેગમ (રહ.) ફરમાવે છે: ઓ મારા ભાઈ! સાંભળો, હઝરત અલી (અ.સ.) અને હઝરત મુહમ્મદ (સ.અ.સ.) આપણા સરતાજ, આપણા માલિક છે. ...૭

ગિનાન : ૧૫

પીર શમ્સ (રહ.)

અબધૂ જુગત જોલ સંતોષ પાત્ર કરો,
અને ડંડા કરો વિચાર,
ખમિયા દયાકી દોય મુદ્રા પહેરો,
ગિનાન કરજો આહાર,

અબધૂ તે જોગી જુગમાંહે,
જાકો મન દુજારે નાહી,
અબધૂ તે જોગી જુગમાંહે. ...૧

અબધૂ ગુર મેરા ગિનાન વેરાગકી છંદ્રી,
અને સંગમ કરો ભભૂતા,
સાચ ધરમ સચ કરી ધિયાવો,
તો જોગી હય અબધૂતા, અબધૂ તે જોગી... ...૨

અબધૂ સબ અવગુણ તજો ત્રિવેણી નહાવો,
અને અનહદ નાદ બજાઓ,
કહે પીર શમસ જીવંત મરીયે,
તો અવરથ જનમ ન પાઓ, અબધૂ તે જોગી... ...૩

*

અનુવાદ : ૧૫

ઓ સંત, (તપસ્વી)! બંદગીની પદ્ધતિને તારી જોલી (થેલો) બનાવ, સંતોષને તારું વાસણ બનાવ, અને વિચારોને તારી લાકડી બનાવ, તેમજ માફી તથા દયા-કરૂણાને તારા કાનના કુંડળ (એરિંગ) બનાવ, અને જ્ઞાનને તારો આહાર (ખોરાક) બનાવ.

ઓ સંત, (તપસ્વી)! આ જગતમાં સાચો સંત એ છે કે જેનું હૃદય બીજી કોઈ પણ વસ્તુથી જોડાયેલ નથી. તે (જ) આ જગતમાં સંત પુરુષ છે. ...૧

ઓ સંત, (તપસ્વી)! મારા ગુરૂ જ્ઞાન મેળવવા માટેનું મારું માધ્યમ અને ત્યાગનો વિચાર છે. આથી, તેના સાથ-સંગાતને તારી રાખ બનાવ. સાચા ધર્મનું દ્રઢપણે પાલન કર, કારણ કે જે તેનું પાલન કરે છે તે સાચો સંત પુરુષ છે. ...૨

ઓ સંત, (તપસ્વી)! તમામ અવગુણો કે અનિષ્ટ વસ્તુઓને દૂર કર, ત્રિવેણી (ત્રણ નદીઓના સંગમના સ્થળ) પર સ્નાન કર તેમજ અનહદ કે અંત વિનાના (રૂહાની) વાજિંત્રને વગાડ. પીર શમ્સ (રહ.) ફરમાવે છે: જીવંત સ્થિતિમાં જ મૃત્યુ પામ, તો પછી તેને ફરીથી જન્મ લેવો નહિ પડે. ... 3

ગિનાન : ૧૬

પીર સદરદીન (રહ.)

હો જીરે મારા હંસા કરણી કમાવો તો રબજીસું રાચો,
તો આ તિરથ ત્રવેણી આપ ચલણાંજી. ...૧

હો જીરે મારા હંસા બુધની બંદૂક ને સુરતીનો દારૂ,
તો આ ગિનાન ગોલી બીચ ભરનાજી. ...૨

હો જીરે મારા હંસા પ્રેમનો પલીતો દિલસું દાગીજે,
તો શબદ ભડાકેસું લડનાજી. ...૩

હો જીરે મારા હંસા ઢાલ ધણીની ધીરપસું બાંધીજે,
તો સતકી તલવારેસું લડનાજી. ...૪

હો જીરે મારા હંસા નવ બાર નગરીમાં બાવન બજાર,
તે માંહે કોઇ જણ સૂતા ને કોઇ જણ જાગેજી. ...૫

હો જીરે મારા હંસા ઇસરે નગરીમાંહે એક કુંવારી છે કન્યા,
તે તો કુંવારી સબ રસ માણેજી. ...૬

અનુવાદ : ૧૬

ઓ મારા મોમિન ભાઈ! જો તમે સુકૃત્યો કે નેકીનાં કાર્યો કરશો તો તમે રબ્બ કે પરવરદિગારને મળવા પામશો. તે જાણે એવું હશે કે ત્રણ પવિત્ર નદીઓ આપોઆપ તમારી પાસે આવશે. ...૧

ઓ મારા મોમિન ભાઈ! બુદ્ધિ અને હિકમતની બંદૂક લો અને વિચાર તેમજ એકાગ્રતાનો દારૂગોળો લો. ત્યારપછી ગિનાન કે જ્ઞાન રૂપી તેમાં (બંદૂકની) ગોળી નાખો. ...૨

ઓ મારા મોમિન ભાઈ! (પછી) દિલમાં પ્રેમનો તાર સળગાવો અને શબ્દ (ઇસ્મે આઝમ) નો વિસ્ફોટ કરી લડાઈ કરો. ...૩

ઓ મારા મોમિન ભાઈ! માલિકના નામની ઢાલ બનાવી તેને ધૈર્ય, હિંમત અને સતત પ્રયાસની સાથે બાંધો અને સત્યની તલવારની સાથે લડાઈ કરો. ...૪

ઓ મારા મોમિન ભાઈ! નવ દરવાજાવાળા નગર (એટલે કે શરીર)માં બાવન બજારો આવેલી છે. તેમાં અમુક લોકો સૂતા છે અને અમુક જાગે છે. ...૫

ઓ મારા મોમિન ભાઈ! આ નગર અથવા શહેરમાં એક કુંવારી કન્યા રહે છે, તે બધા સુખોનો આસ્વાદ માણે છે. ...૬

હો જીરે મારા હંસા ઇસરે નગરીમાં એક વીખીયાનો વેલો,
તે તો વેલે કીધો વિસ્તારજી. ...૭

હો જીરે મારા હંસા ઇસરે વેલે ઇંદરા ફલ લાગા,
તે તો જેમરે વધે તેમ કડવાજી. ...૮

હો જીરે મારા હંસા તેડાવો ગુણવંતા માલીને,
તે તો જડ મૂળથી કાઢી નાંખેજી. ...૯

હો જીરે મારા હંસા પાળે ઊભા પાંચે પાખંડિયા,
તે તો ધણીનો હુકમ નવ માનેજી. ...૧૦

હો જીરે મારા હંસા એસો ગિનાન પીર ભણાવે સદરદીન,
મારા મોમનભાઇ તમે રહેજો હુશિયારજી. ...૧૧

*

ઓ મારા મોમિન ભાઈ! આ નગર અથવા શહેરમાં આગળ વધતી રહેતી એક ઝેરી વેલ (વનસ્પતિ) છે. તે વિપુલ પ્રમાણમાં વધતી રહે છે. ...૭

ઓ મારા મોમિન ભાઈ! વધતી જતી આ વેલમાં ઇંદ્રાનાં કડવાં ફળો લાગે છે. તે વેલ જેમ જેમ વધતી જાય છે તેમ તેનાં ફળોની કડવાશ પણ વધતી જાય છે. ...૮

ઓ મારા મોમિન ભાઈ! સદગુણો ધરાવતા માળીને બોલાવો કે જેથી તે વેલ કે છોડવાને જડમૂળમાંથી ઉખેડી નાખે. ...૯

ઓ મારા મોમિન ભાઈ! પાંચ પાખંડી અને કપટ કરનારાઓ પાળ ઉપર ઊભેલા છે, જેઓ તેમના માલિકનો હુકમ માનતા નથી. ...૧૦

ઓ મારા મોમિન ભાઈ! પીર સદરદીન (રહ.) આ ગિનાન ફરમાવે છે. ઓ મારા મોમિન ભાઈ! તમે હુશિયાર અને સાવચેત રહો. ...૧૧

ગિનાન : ૧૭

પીર સદરદીન (રહ.)

એજી તિલભાર તુલણા ખનેકી ધાર ચલણા,
યાશા તિલ તિલકા લેખા દીઅણા મેરે જીવકું,

તો મેં કિયા કરૂં જીવ આપણા,
આપ સવારથ ભાઇ રાતકા સપના,
પિંડ સવારથ ભાઇ રઇયણકા સપના,
તો મેં કિયા કરૂં જીવ આપણા. ...૧

એજી આગલ હાટ ન પાટ ન વોરા,
તિયાં સતકા સમર સાથે લીઅણા મેરે જીવકું, તો મેં... ...૨

એજી તિયાં સો સો કરણી સૂરજ તપશે,
તિયાં કિયા છીપના કિયા ઢુંઢણા મેરે જીવકું, તો મેં... ...૩

એજી એસો ગિનાન પીર ભણાવે સદરદીન,
યા શાહ ફજલ કરો તો જીવ છુટણા મેરે જીવકું, તો મેં... ...૪

*

અનુવાદ : ૧૭

ઓ ભાઈ! (કયામતના દિવસે) માનવીનાં તલ જેટલો ભાર ધરાવતાં કાર્યોનો તોલમાપ (હિસાબ) કરવામાં આવશે અને તેને તલવારની ધાર ઉપર ચાલવું પડશે. ઓ મારા મૌલા! મારા રૂહને તલ જેટલો ભાર ધરાવતાં કાર્યોનો હિસાબ આપવો પડશે.

તો પછી હું મારા રૂહની નજાત માટે શું કરું? ઓ ભાઈ! માનવીનો સ્વાર્થ રાત્રિના સપના જેવો છે. સ્વનું મિથ્યાભિમાન રાત્રિના સપના જેવો છે. ...૧

ઓ ભાઈ! આવનારી દુનિયામાં કોઈ દુકાન નહિ હોય, ન કોઈ બજાર હશે અને ન તો કોઈ ખરીદી કરનાર ગ્રાહક હશે. ત્યાં મારા જીવને, રૂહને પોતાની સાથે સચ્ચાઈનું ભાથું લઈ જવું પડશે. ...૨

ઓ ભાઈ! ત્યાં સૂરજ સોગણા તાપથી ધગધગતો હશે. ત્યાં મારા રૂહને છુપાવવા અને શોધવા માટેનો કોઈ સવાલ જ નહિ રહે. ...3

ઓ ભાઈ! પીર સદરદીન (રહ.)આવું ગિનાન ફરમાવે છે. ઓ મારા મૌલા! રહેમ અને કરમ ફરમાવો કે જેથી મારો રૂહ નજાત પ્રાપ્ત કરે. ...૪

ગિનાન : ૧૮

સૈયદા ઇમામ બેગમ (૨.અ.)

એજી દરશન દીઓ મોરા નાથ,
દાસી છું તેરી.

એજી દાસી તેરી સામી તેરે દર ઉભીજી,
અરજ કરે છે જોડી હાથ, દાસી છું તેરી. ...૧

એજી હાથ જોડીને સામી અરજ કરૂં છું જી,
હરદમ રહેજો મોરે સાથ, દાસી... ...૨

એજી હરદમ સામી મારા રીદાહ માંહે રહેજો જી,
અલગા મ થાજો એક સાસ, દાસી... ...૩

એજી સામી અલગા નથી તુને અલગા કરી નવ જાણું જી,
આ ઘટો ઘટ બોલો છો મોરા નાથ, દાસી... ...૪

એજી સામી તેરે અંતકો અંત તુંહીજ જાણે જી,
સામી મારા મોટા છો સમરથ, દાસી... ...૫

એજી જુગા જુગ સામી મારા ભગત ઉગારીયા જી,
ઉતમ સદા છે સતપંથ, દાસી... ...૬

એજી પીર સદરદીન બુજરગ કહીએ જી,
બાર કરોડના કંથ, દાસી... ...૧૦

અનુવાદ : ૧૮
(ચૂંટી કાઢેલ પંક્તિઓ)

ઓ મારા નાથ (મૌલા)! મને આપના દીદારની નવાજેશ ફરમાવો. હું આપની દાસી છું.

ઓ મૌલા! આપની દાસી આપના દરવાજા ઉપર ઊભી છે અને પોતાના હાથ જોડીને વિનંતી કરે છે. ...૧

ઓ મૌલા! હું હાથ જોડીને આપને એવી વિનંતી કરૂં છું કે આપ હંમેશાં મારી સાથે રહેજો. ...૨

ઓ મૌલા! આપ હંમેશાં મારા હૃદયમાં રહેજો અને એક શ્વાસ કે ક્ષણ માટે પણ મારાથી દૂર જતાં નહિ. ...૩

ઓ મૌલા! આપ દૂર નથી, આપને હું દૂર નથી સમજતી. મારા પૂરા અસ્તિત્વમાં આપનો રણકો (ધ્વનિ) ગાજી રહ્યો છે. ...૪

ઓ મૌલા! તારૂં રહસ્ય તું જ જાણે છે. મૌલા અતિ શક્તિશાળી છે. ...૫

ઓ ભાઈ! મૌલાએ દરેક યુગમાં ભગતો (ભક્તિભાવના ધરાવનારાઓ) ને ઉગારી લીધેલ છે: સતપંથ (સાચો માર્ગ) હંમેશાં ઉત્તમ રહ્યો છે. ...૬

ઓ ભાઈ! પીર સદરદીન (રહ.) મહાન છે કે જેઓએ બાર કરોડ જીવોના તારણહાર છે. ...૧૦

એજી અણત કરોડ પીર કબીરદીન સાથે જી,
તેનું વર દીધું નકલંકી નાથ, દાસી... ...૧૧

એજી નર નકલંકી જારે નવશા થાશે જી,
થાયશે તે વીસવ કુંવારીનો કંથ, દાસી... ...૧૨

એજી તે દીન સામી મુને પાસ તેડાવજો જી,
પકડી લેજો મારો હાથ, દાસી... ...૧૩

એજી કહેત ઇમામ બેગમ સુનો મોરા સામી જી,
એટલુ માંગુ છું મોરા નાથ, દાસી... ...૧૪

*

ઓ ભાઈ! અનંત સંખ્યાના નજાત પામેલ મુરીદો પીર હસન કબીરદીન (રહ.) ની સાથે હશે. મૌલા મુર્તઝાઅલી (અ.સ.) એ તે માટેનું વચન આપ્યું છે. ...૧૧

ઓ ભાઈ! જ્યારે મૌલા મુર્તઝાઅલી (અ.સ.) નવશા કે દુલ્હા બનશે, ત્યારે તેઓ વિશ્વ કુંવારીના કંથ કે સ્વામી બનશે. ...૧૨

ઓ મૌલા! તે દિવસે આપ મને પાસે બોલાવજો અને મારો હાથ પકડી લેજો. ...૧૩

ઓ મૌલા! સૈયદા ઇમામ બેગમ (રહ.) આપને વિનંતી કરે છે કે સાંભળો. હું આપની પાસે માત્ર આટલી જ વિનંતી કરું છું. ૧૪

૧૯

સતવેણી નાની

રચનાર – સૈયદ ઈમામશાહ

મુરશીદ ઓર દીપક કા મીશાલ

બીસમીલ્લાહ કા ભેદ જો ન્યારા, તીસ માંહે છુપ્યા પરગટ કીલતારા;

સુરીજન તે માંહે એસા જાણો, છાના નહીં સો પરગટ માનો;

પરગટ દેખો એ આએ રૂપ, અગોચર રહ્યા આપ સ્વરૂપ;

મુરશીદ કીના તો ખોલ દીખાયા, પ્રેમ માંહે ઉને બોલ બતાયા;

તબ જા બુધ પુરી ઉપની, હઇડા માંહે ઉપની જપની;

સતગુર પાએ તો હુઆ અજવાલા, દીપક દીઆ સો પરગટ ટાણા;

તબ જા દુનીઆસે અલગા રહેઆ, મરણ જીવનકા ભેદ જો લહેઆ;

ઉનકું બાટ કોણ દીખાવે, સબ સરગુમેં આવે જાવે;

પ્રેમ અક્ષર સો કેસે ભેદ, સબ બલાઉંકા મુળ જો છેદ;

હાથું દીપક સબ જુગ અજવાલા, સારે જુગકું બાહેર ટાલા;

રે તુંહી....

મારા સાચા સાંઇયાં પીયુજી તુંહી.

અક્ષર એક જો પ્રેમકા, સો મુરશીદ દીઆ બતાયરે;

ચઉદ લોક માંહે દીપક ભયા, સો સબ માંહે દોડયા જાયરે.

*

અનુવાદ : ૧૯

સતવેણી નાની

મુર્શીદ અને દીપકનું ઉદાહરણ

બિસ્મિલ્લાહનું રહસ્ય ઘણું જ અનોખું અને અજોડ છે, તેમાં પ્રગટ સર્જનહાર છુપાયેલો છે;

તેમાં શ્રેષ્ઠ કે સદગુણી વ્યક્તિને એવી રીતે જાણો, કે તે ગુપ્ત નથી, પણ પ્રગટ કે જાહેર છે;

એ રૂપને પ્રગટ નિહાળો, (પણ) તે સ્વયં અદ્રશ્યમાન સ્વરૂપે છે;

જો મુર્શીદની દામન પ્રાપ્ત થતાં તે રહસ્યને તેણે જાહેર કરી બતાવ્યું, તેણે પ્રેમની સ્થિતિમાં તેનું ઉચ્ચારણ કરી બતાવ્યું;

ત્યારે પૂરેપૂરી સમજણ ઉત્પન્ન થવા પામી, અને હૃદયમાં જાપ કે સ્મરણ ઉત્પન્ન થયું;

સતગુરૂ કે સાચા મુર્શીદને પ્રાપ્ત કરી લેતાં, (સર્વત્ર) પ્રકાશ ફેલાઈ ગયો, દીપક પ્રજવલ્લિત થઈ જતાં તે સમયે તે પ્રગટ થઈ ગયો;

તેને મૃત્યુ અને જીવનનું રહસ્ય સમજાઈ જતાં તે દુનિયાથી વિમુક્ત થઈ ગયો;

તેને કોણ રસ્તો દેખાડી શકે? કારણ કે તે (પોતે) સર્વે સ્વર્ગ કે બહેસ્તમાં આવજાવ કરી શકે છે;

પ્રેમના અક્ષરોનું રહસ્ય શું છે? (રહસ્ય એ છે કે) તેને મેળવી લેનાર વ્યક્તિની બધી મુસીબતો જડમૂળથી દૂર થઈ જાય છે;

હાથમાં જ્ઞાનનું દીપક આવતાં જગતમાં સર્વત્ર પ્રકાશિત થઈ જાય છે (સર્વ વસ્તુઓનું જ્ઞાન મળી જાય છે), અને તેનાથી બહાર દુનિયા (નો અંધકાર) ટળી જાય છે;

ઓ તું મારા સાચા મૌલા! તું જ પ્રિયતમ છે

પ્રેમનો એક અક્ષર (રહસ્ય) પણ જો મુર્શીદ બતાવી દે, તો ચૌદ વિશ્વમાં જ્ઞાનનો; દીપક પ્રકાશિત થઈ જાય છે, (સર્વ જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે) અને તે પ્રકાશ સર્વે જગ્યાએ ફેલાઈ જાય છે.

૨૦

કસીદા - અઈ દિલ ઝે હક્ક રસીદ

અઈ દિલ ઝે હક્ક રસીદ બ તૂ અર્જઈ ખિતાબ
બર જા ઝે જા કે ઇન ચે ખિતાબીસ્ત મુસ્તતાબ. ...૧

અઈ દિલ મ બાશ ગાફિલો અઝ હક્ક મ શવ તૂ દૂર
કઝ હક્ક હઝાર રહમતો લુત્ફસ્તો ફત્હે બાબ. ...૨

અંદર હિજાબે ઝુલ્મતે તન ચંદ મી રવી
બિન્ગર જમાલે નૂરે તજલ્લી તૂ બે હિજાબ. ...૩

યક શોલા નૂરે હક્ક અગરત દર દિલ ઉફ્તદ
રૂખ્સારાઆત શવદ બ નઝર સદ ચૂ આફતાબ. ...૪

અઈ દિલ ઝે હક્ક રસીદ બ તૂ અર્જઈ ખિતાબ
બર જા ઝે જા કે ઇન ચે ખિતાબીસ્ત મુસ્તતાબ.

નૂરે કુલૂબે પાક તૂ નૂરીસ્ત બે નઝીર
કાન નૂરે રૂઝે હશ્રે બિરૂન આયદ અઝ નિકાબ. ...૫

ગર યક ઝમાન બ સાકી તકરીસ બિન્ગરી
મસ્તિ મઈ અલિસ્ત શવી અઈ દિલિ ખરાબ. ...૬

અઈ શમ્સે દીનો મફ્ખરે તબ્રીઝે હક્ક બુવદ
જાનો દિલી તૂ ગરદદ અઝીન રાહી બા સવાબ. ...૭

*

અનુવાદ : ૨૦

કસીદા

ઓ મારા દિલ! ખુદાની તરફથી તને ફરમાન નાઝિલ કરવામાં આવ્યું છે કે મારી તરફ રજૂ થાઓ.
આ હુકમ મળવાની ખુશીમાં ઊભો થઈ જા (ખુશીઓ મનાવો), કે આ કેવું પવિત્ર ફરમાન છે કે જેનું સદભાગ્ય તને મળ્યું છે. ...૧

ઓ દિલ! તું ખુદાથી ગાફલ નહિ થઈ જા અને તેનાથી તું દૂર નહિ રહે, કારણ કે ખુદાની તરફથી તારા ઉપર હજારો રહેમતો અને મહેરબાનીઓ (અને સફળતાઓ) નાઝિલ થઈ છે. રૂહાનિયતનો દરવાજો ખુલી ગયો છે. ...૨

શરીરના અંધકારભર્યા પરદામાં તું ક્યાં સુધી ભટકતો ફરીશ? ચાલ, આ અંધકારભર્યા પરદામાંથી નીકળીને ખુદાના નૂરની ખૂબસૂરતીનો પરદા વગરનો અનુભવ કર. ...૩

નૂરે હક્કનું એક કિરણ પણ જો તારા દિલ ઉપર પડી જાય, તો તારો ચહેરો સેંકડો સૂર્યો માટે પણ મીઠી ઈર્ષા બની જાય. ...૪

ઓ મારા દિલ! ખુદાની તરફથી તને ફરમાન નાઝિલ કરવામાં આવ્યું છે કે મારી તરફ રજૂ થાઓ.
આ હુકમ મળવાની ખુશીમાં ઊભો થઈ જા (ખુશીઓ મનાવો), કે આ કેવું પવિત્ર ફરમાન છે કે જેનું સદભાગ્ય તને મળ્યું છે....

તારા પાક દિલનું નૂર એવું નૂર છે કે જેની કોઈ મિસાલ જ નથી (તે બેમિસાલ છે).
તે જ નૂર કયામતના દિવસે પરદામાંથી બહાર આવશે. ...૫

અગર થોડા સમય માટે, પવિત્રતાનું વર્ણન કરનારા સાકીને જો તું નિહાળીશ તો ઓ વેરાન દિલ! તું અલસ્તના (રૂહાની) શરબતથી મસ્ત બની જઈશ. ...૬

ઓ શમ્સે દીન (દીનના સૂર્ય) અને તબ્રેઝ માટે ગૌરવને લાયક (કાબિલે ફખ્ર) હસ્તી! તૂર તરફના રસ્તા પર આપ મારા આ સત્ય અભિપ્રાય માટેની સચ્ચાઈ છો. ...૭

૨૧

કસીદા - નવરૂઝે સઈદ આમદ

નવરૂઝે સઈદ આમદ, યા રબ્બ કે મુબારક બાદ
નુઝ્હત બી મઝીદ આમદ, યા રબ્બ કે મુબારક બાદ ...૧

આલમ ઝે નવ અન્વર શુદ, આરાઇશે કિશ્વર શુદ
મય રાગિબે સાગર શુદ, યા રબ્બ કે મુબારક બાદ ...૨

શુદ બાગે તરબ પુર ગુલ, શુદ શીશએ દિલ પુર મુલ
ઝદ બુલબુલે જાન ગુલગુલ, યા રબ્બ કે મુબારક બાદ ...૩

બુગ્ઝશ્ત પરેશાની, અઝ રહેમતે રબ્બાની
આલમ શુદા નૂરાની, યા રબ્બ કે મુબારક બાદ ...૪

દર નશો નુમા ગુલશન, પુર નૂરો સફા મસ્કન
બુગ્શાદા ઝબાન સૂસન, યા રબ્બ કે મુબારક બાદ ...૫

મન્શૂરે સુરૂર આમદ, ઇશ્રત બી ઝુહૂર આમદ
તફીએ સુદ્દર આમદ, યા રબ્બ કે મુબારક બાદ ...૬

શુદ શિદ્દતે દે કૂતાહ, દિલ શુદ ઝે રબીઅ આગાહ
હર લહેઝા બિગૂ સદ રહ, યા રબ્બ કે મુબારક બાદ ...૭

અસ્બાબે ખૂશી વાફિર, હમ ગાયબો હમ હાઝિર
ફારિગ ઝે અલમ ખાતિર, યા રબ્બ કે મુબારક બાદ ...૮

શુદ રંજો અલમ ચારા, શુદ હબ્લે સિતમ પારા
હાસિદ શુદા બિચારા, યા રબ્બ કે મુબારક બાદ ...૯

બરખાસ્ત હિજાબ અઝ રહ, દિલ શુદ ઝે યકીન આગાહ
ઝદ બુલબુલે જાન ચહચહ, યા રબ્બ કે મુબારક બાદ ...૧૦

અનુવાદ : ૨૧

કસીદા

ખુશહાલ નવરોઝનું આગમન થયું છે; ઓ માલિક! તે મુબારક હોજો!
ભરપૂર પવિત્રતાનું આગમન થયું છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૧

દુનિયા ફરીથી પ્રકાશવંત થયેલ છે; અને તે જમીનનો શણગાર બનેલ છે;
પ્યાલામાં છલકાવવા માટે (રૂહાની) શરબત બેકરાર બનેલ છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૨

ગીતોનો બગીચો ફૂલોથી ભરાઈ ગયેલ છે; દિલનો પ્યાલો (રૂહાની) શરબતથી ભરાઈ ગયેલ છે;
રૂહની બુલબુલ ખુશખુશાલ ગાઈ રહી છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૩

પરેશાનીઓ અને હતાશા, ઇલાહી રહેમતના કારણે ચાલી ગઈ છે;
જગત પ્રકાશવંત બની ગયેલ છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૪

બગીચો ખીલી રહ્યો છે અને વૃદ્ધિ પામી રહ્યો છે; ઘર પ્રકાશ અને પવિત્રતાથી ભરપૂર છે;
કમળનાં ફૂલોએ પોતાની જીભ ખોલી દીધી છે; છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૫

ઉજવણીના નગારાવાદનના અવાજ આવી પહોંચ્યા છે; ખુશીઓ જાહેર થવામાંડી છે;
ઉરના ઉમંગો આવી પહોચ્યા છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૬

શિયાળાની કઠોરતા અંત પામી છે; દિલ હવે વસંતથી વાકેફ થયું છે;
હર ક્ષણ સો સો વાર બોલી રહી છે: ઓ માલિક! તે મુબારક હોજો! ...૭

ખુશીઓનાં સર્વે સાધનો સમૃદ્ધપણે ઉપલબ્ધ છે; એ સઘળા લોકો માટે, પછી જેઓ હાજર કે ગેરહાજર હોય;
મન દુ:ખોથી મુક્ત છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૮

સઘળાં દુ:ખદર્દો અને મુસીબતોનું નિરાકરણ થઈ ગયેલ છે; અન્યાયની રસ્સી તૂટી ગઈ છે; હસદખોર કંગાળ બની ગયેલ છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૯

રસ્તા ઉપરથી પરદો ઊઠી ગયો છે; દિલ હવે સુનિશ્ચિતતાઓથી ભરાઈ ગયું છે;
રૂહની બુલબુલ હવે ગાવા માંડી છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૧૦

ફર્રાશે સબા હર દમ, અફ્શાન્દે ઝે દિલહા ગમ
ઇશ્રત બે સફા હમદમ, યા રબ્બ કે મુબારક બાદ ...૧૧

બર કામતે ખૂદ સહરા, પૂશીદા ઝે દીબા ગુલ
શુદ દહર બિહિશ્ત આસા, યા રબ્બ કે મુબારક બાદ ...૧૨

અય સાનિએ સનઅતગર, અય કાદિરે કુદરતવર
હમ હય્યુઈ વ હમ દાવર, યા રબ્બ કે મુબારક બાદ ...૧૩

તૂ રાહિમો સત્તારી, તૂ ગાફિરો જબ્બારી
તૂ સાતિરો ગફ્ફારી, યા રબ્બ કે મુબારક બાદ ...૧૪

હમ બાતિનો ઝાહિર તૂ, હમ ગાયબો હાઝિર તૂ
હમ હાફિઝો નાસિર તૂ, યા રબ્બ કે મુબારક બાદ ...૧૫

અય લુત્ફે તૂ ફરખંદે, વઝ લુત્ફે તૂ જાન ઝિંદે
દિલ અમ્રે તૂ રા બંદે, યા રબ્બ કે મુબારક બાદ ...૧૬

મત્લબ ઝે શરીઅત તૂ, મક્સદ ઝે તરીકત તૂ
સુલ્તાને હકીકત તૂ, યા રબ્બ કે મુબારક બાદ ...૧૭

અય હિઝે રવાન નામત, દિલ ખાયિફે ઇબ્રામત
જાન બંદેઈ ઇનામત, યા રબ્બ કે મુબારક બાદ ...૧૮

બિચારા હુસૈન અઝ જાન, બંદદ બે ગમત પૈમાન
ઈન અસ્ત વરા ઈમાન, યા રબ્બ કે મુબારક બાદ ...૧૯

ચૂન મુઝ્દેઈ ઈદ આમદ, મબ્દા બે મુઈદ આમદ
નવરૂઝે સઈદ આમદ, યા રબ્બ કે મુબારક બાદ ...૨૦

*

મંદ પવનની સાફ કરતી લહેરોએ દિલમાંથી ગમ અને દુ:ખો દૂર કરી દીધેલ છે.
ઉજવણીઓ હવે પવિત્રતા સાથે જોડાઈ ગઈ છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૧૧

ફૂલોના રેશમથી રણની હવે સજાવટ થઈ ગઈ છે; જગત જન્નત સમાન બની ગયું છે;
ઓ માલિક! તે મુબારક હોજો! ...૧૨

ઓ સર્જક અને કુશળ કારીગર! ઓ પ્રભુત્વ ધરાવનાર સર્વ શક્તિમાન!
તું હયાત પણ છે અને ન્યાય કરનાર પણ છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૧૩

તું દયાળુ અને દોષોને ઢાંકનાર છો; તું માફી આપનાર અને શક્તિશાળી છો;
તું ગુનાહોને ઢાંકનાર અને તેને માફ કરનાર છો; ઓ માલિક! તે મુબારક હોજો! ...૧૪

તું જાહેર પણ છે અને બાતિન પણ છે; તું હાજર પણ છે અને ગેરહાજર પણ છે;
તું રક્ષક પણ છે અને મદદ કરનાર પણ છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૧૫

તારી રહેમતો આશીર્વાદિત છે; અને તારી રહેમતોથી રૂહો જીવંત છે;
દિલ તારા અમ્રને આધીન છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૧૬

તું શરીઅતનો ઉદ્દેશ છે; તું તરીકતનું નિર્ધારિત લક્ષ્ય છે;
તું હકીકતનો સુલતાન છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૧૭

તારું નામ રૂહનો રક્ષક છે; અને દિલ તારા કોપથી કાંપે છે;
રૂહ તારા ઇનામની એનાયતનો સેવક છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૧૮

આ નિર્બળ હુસૈન (કવિનું નામ છે) હૃદયના ઊંડાણથી તને વફાદારીનો કોલ અર્પણ કરે છે;
આ જ તેનું સત્ય ઈમાન છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૧૯

ઈદની ખુશીઓના સમાચાર આવી પહોંચતાં જ આરંભની શરૂઆત પણ આવી પહોંચી છે;
ખુશહાલ નવરોઝનું આગમન થયું છે; ઓ માલિક! તે મુબારક હોજો! ...૨૦

74

manisa